## –:: ડોમેસ્ટીક વાયોલન્સ અરજી નં.૧૨/૨૦ માં આંક–૫ ની વચગાળાની ખોરાકી અરજી લગત હુકમ ::–

(૧) આ કામે અરજદારે આ કામનાં સામાવાળા નં.૧ પોતાના પતિ તથા પોતાના સાસરીપક્ષનાં અન્ય સભ્યો સામાવાળા નં.ર થી ૩ નાંઓ સામે ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૨, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨ અને ૨૩ હેઠળ મુખ્ય અરજી કરી, સદર અરજી ચાલતાં દરમ્યાન સદર કાયદાની કલમ–૨૩ મુજબ અલગથી સોગંદનામું કરી જણાવેલ છે કે, તેઓએ આંક–૧ થી રજુ કરેલ અરજીની આ અરજીનો ભાગ ગણવા અરજ કરી વધુમાં તેઓના સામાવાળા નં.૧ સાથે તા.૧૪/૬/૧૩ નારોજ આર્ય સમાજ મંદિર, મહર્ષિ દયાનંદ માર્ગ, સોની ફળીયા, સુરત મુકામે હિંદુ શાસ્ત્રોકત વિધિ અનુસાર વડીલોની હાજરીમાં લગન થયેલા. અરજદારના પાસપોર્ટ સિવાયના તમામ દસ્તાવેજો સામાવાળાઓના કબજામાં છે. તેઓ હાલ કેનેડામાં છુટક નોકરી કરે છે. સામાવાળા મેડીકલ સ્ટોર્સમાં દવાનો સપ્લાય કરી માસિક રૂા.૫૦,૦૦૦/– તથા કમિશન પેટે માસિક રૂા.૧,૫૦,૦૦૦/ – ની વધુ મેળવતા આવેલ છે તેમજ સુરત મુકામે પોતાનું ઘર ધરાવતા આવેલા છે. સામાવાળા નં.૧ એ નોકરી દ્વારા ભેગા કરેલા નાણાં અને અરજદારના ઉચાપત કરેલા નાણાં વ્યાજે ફેરવી મસમોટી આવક મેળવતા આવેલ છે તેમજ સામાવાળાઓ બરબોધન, સુરત મુકામે બે પ્લોટ તથા નેચર હેડ, સુરત ખાતે એક પ્લોટ ધરાવતા આવેલ છે. વધુમાં સામાવાળા ગાયત્રી સોસા.ની નજીક પોતાનું મેડીકલ ધરાવતા આવેલા જે ભાડે આપેલ છે અને રૂા.૨૦,૦૦૦/– થી વધુ ભાડુ મેળવે છે તેમજ ભેસાણ, સુરત મુકામે ખુલ્લી જગ્યા ધરાવતા આવેલ છે તેમજ બે ટુ વ્હીલર્સ, એક ફોર વ્હીલ ગાડી પણ ધરાવે છે. વધુમાં સામાવાળાઓ એફ.ડી. તથા એલ.આઈ.સી.માં રોકાણ ધરાવતા આવેલ છે અને સારૂ વ્યાજ મેળવતા આવેલ છે તેમ જણાવી સામાવાળાઓના કબજામાં રહેલ દસ્તાવેજો તાકીદે પરત કરે તેવો હુકમ કરવા તેમજ આવનજાવન ખર્ચ પેટે દર ઠરાવે રૂા.૧,૫૦,૦૦૦/– ચુકવી આપે તેમજ વચગાળાના ભરણપોષણ પેટે રૂા.૩૫,૦૦૦/– કેસનો અંતિમ હુકમ ન આવે ત્યાં સુધી સામાવાળા દર માસે ચુકવી આપે તેવો હુકમ કરવા તેમજ અરજી ખર્ચના રૂા.૧૫,૦૦૦/– સામાવાળાઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં આંક–૧૬ થી લેખિત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી છે.

(૨) સદર કામે સામાવાળાઓ તરફે અરજદારની હાલની વચગાળાની અરજીનો જવાબ રજુ કરી અરજદારની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે. અરજદારે દાખલ કરેલ મુળ પીટીશન રદ થવાને પાત્ર હોય હાલની અરજીની દાદ મંજુર કરી શકાય નહિં. અરજીને એસ્ટોપલના નિયમોનો બાધ નડે છે. અરજદાર ભારતીય નાગરીત્વ પણ ધરાવતા ન હોય કાયદાના પ્રબંધો ધ્યાને લેતાં અરજદાર અત્રેની કોર્ટમાં દાદ મેળવવા હકદાર રહેતા નથી. સામાવાળાઓએ અરજદારની અરજીની હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, સામાવાળા પાસે (૧)બર્થ સર્ટીફીકેટ,(૨) મેરેજ સ ર્ટીફીકેટ (૩) ડ્રાઈવીંગ (લાયસન્સ) સર્ટીફીકેટ, (૪) હેલ્થ કાર્ડ સર્ટીફીકેટ, (૫) આધારકાર્ડ, (૬) પાનકાર્ડ (૭) ચુંટણી કાર્ડ છે તે સિવાય અન્ય કોઈ દસ્તાવેજો નથી. અરજદાર સામાવાળા સાથે સુરતમાં માતાપિતા સાથે કાયમી વસવાટ કરવા તૈયાર નહોતા કે નથી. કેનેડાથી સુરત સ્થાયી થવા તેમજ મેડીકલ ટ્રીટમેન્ટ મો સામાવાળા નં.૧ વતન પરત ફેરલા. અરજદારે સામાવાળા નં.૧ ઉપર ત્રાસ ગુજારેલ હોય જેથી અરજદાર વિરૂઘ્ધ સુરત ફેમીલ કોર્ટમાં હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩ (૧) હેઠળ એચ.એમ.પી. નં.૭૯૩/૧૯ દાખલ કરેલ. અરજદારે સુરત મુકામે કાયમી વસવાટની તૈયારી દર્શાવેલ નહિં અને એકલા કેનેડા ચાલી ગયેલા. અરજદાર આર્થિક રીતે ઘણા સક્ષમ છે. અરજદાર કેનેડામાં ટીડી કેનેડા ટ્રસ્ટમાં એકાઉન્ટ નં.૬૬૮૭૦૦૩ થી બેંક ખાતુ તા.૨૧/૧૧/૧૭ થી ધરાવે છે તથા અન્ય બેંક એકાઉન્ટ ધરાવતા હશે, જેમાં તા.૩૧/૭/૧૯ નારોજ કેનેડીયન ડોલરમાં ૪૩૪૬૫.૪૩ (ભારતીય મુદ્રા મુજબ રૂા.૨૪,૭૭,૫૦૫/–) બચત સ્વરૂપે જમા છે. અરજદાર નિરાધાર નહિં પરંતુ ઘણી સ્ટાઈલીશ જીંદગી જીવતા આવેલા અને અરજદારનું જીવન મોજશોખથી ભરેલુ છે. વધુમાં અરજદારે રજુ કરવામાં આવેલ સોગંદનામામાં સરનામું બારડોલી, સુરત જાહેર કરેલ છે અને માત્ર કાયદાનો લાભ ઉઠાવી આવનજાવન ખર્ચની રકમની માંગણી કરેલ છે. અરજદાર સામાવાળા સાથે રહેવા કદી તૈયાર નહોતા કે નથી. સામાવાળા પાસે અરજદારના કોઈ અસલ દસ્તાવેજો કે દાગીના કે બેંક બેલેન્સ નથી. અરજદાર પોતે નોકરી કરી લાખોની આવક ધરાવે છે તેમજ બ્રાંડે કંપનીના વસ્ત્રો તથા પગરખાં પહેરે છે અને પોતાની કાર પણ

ધરાવે છે અને મોંઘીદાર ચીજવસ્તુઓ ખરીદવાનો શોખ ધરાવે છે. વધુમાં સુરત જીલ્લાની બારડોલી તાલુકાના બારડોલી નગરપાલિકામાં આવેલ સર્વે નં.૩૫૦/૧ બીનખેતીની જમીનમાં બાંધવામાં આવેલ ફલેટ નં.સી/૩૦૪ વાળી મિલકત અરજદારે સામાવાળાના નાણાં ઉચાપત કરી હવાલા મારફત સુરત તેઓના પરીવારને મોકલી આપી તથા અમુક રકમ પોતે બેંક ઓફ બરોડા, હરીપુરા શાખામાં ટ્રાન્સફર કરી પોતાના તથા પોતાની માતાના નામે ખરીદ કરેલ તેના દસ્તાવેજ રજુ કરેલ છે. અરજદાર અને સામાવાળા બંને કેનેડા દેશનું નાગરીકત્વ ધરાવે છે. અરજદાર સામાવાળાનો ત્યાગ કરી કેનેડા નાસી ગયેલ છે. સદર કેસને લાગુ પડતા કાયદાની કલમ-૧(૨) વાંચતા સદર કાયદો જમ્મુ કાશ્મીર સિવાય આખા ભારત દેશેને લાગુ પાડવામાં આવેલો છે તે પુરતો સિમીત છે. અરજદારને કોઈપણ પ્રકારની દાદ આપવા કોર્ટને હકુમત નથી. અરજદાર સને-૨૦૧૪ થી કેનેડા રહેતા હોય અરજદાર જણાવે છે તેવો કોઈ બનાવ ભારત દેશમાં બનેલ નથી તેમ જણાવી અરજદારની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) અરજદાર તરફે રજુ થયેલ લેખિત દલીલ વંચાણે લીધી. સામાવાળા તરફે મૌખિક દલીલ સાંભળી.

(૪) કેસનું રેકર્ડ જોતાં અરજદાર સામાવાળા પાસેથી વચગાળાના ભરણપોષણ પેટે તથા દર ઠરાવે આવનજાવનના ખર્ચની રકમની તથા સામાવાળાઓ પાસે રહેલ દસ્તાવેજો પરત મેળવવાની તથા તેઓએ અલગ મકાન સામાવાળા લઈ આપે અથવા ભાડાની રકમ ચુકવી આપે તેવી દાદ માંગેલ છે. જયારે સામાવાળા તરફે અરજીનો જવાબ રજુ કરી અરજદારની હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ અરજદારની અરજીમાં માંગેલ દાદ મળવાપાત્ર ન હોય તેમ જણેપાવેલ છે તેમજ અરજદાર સામાવાળા સાથે રહેવા માંગતા ન હોય અને કેનેડા મુકામે ચાલ્યા ગયેલ હોય તેમજ અરજદારને કોઈ શારિરીક કે માનસિક ત્રાસ આપેલ નથી તેમ જણાવી અરજદાર અરજીમાં માંગે છે તેવી કોઈ દાદ મેળવવા હકદાર નથી.

(૫) અત્રે એ જણાવવાનું રહે છે કે, અરજદારની મુખ્ય અરજી સબંધે,

સામાવાળાએ તેનાં જવાબ દવારા ઉઠાવેલ તકરાર એ પુરાવાનો વિષય હોય, જેથી હાલનાં તબકકે તેની વિશેષ ચર્ચા કરવી ન્યાયોચીત જણાતું નથી. હાલનાં તબકકે અરજદાર વચગાળાનું ભરણપોષણ મેળવવા હકકદાર છે કે નહીં ? માત્ર તેટલા મુદ્દાનો જ નિર્ણય કરવાનો રહે છે. આ કામે સામાવાળા તરફે મુખ્ય અરજીનો તેમજ હાલની વચગાળાની અરજીનો જવાબ રજુ થયેલ છે.

પરંતુ આ કામે સામાવાળા તરફની દલીલ લક્ષમાં લેતાં અરજીની વિગતે અરજદાર સાથે સામાવાળા નં.૧નાં લગ્ન થયેલ હોવા બાબતે સામાવાળાએ કોઈ તકરાર લીધેલ નથી તે નિર્વિવાદ હકીકત છે. આમ, સામાવાળા નં.૧ અને અરજદાર કાયદેસરનાં પતિ–પત્ની તરીકે ચાલી આવેલા છે તે નિર્વીવાદ હકીકત છે. પરંતુ અરજદાર તરફેની દલીલ જોતાં સામાવાળા માસિક રૂા.૫૦,૦૦૦/– તથા કમિશન પેટે રૂા.૧,૫૦,૦૦૦/– જેટલી આવક મેળવે છે તેમજ સુરત મુકામે પ્રોપર્ટી ધરાવે છે તેવી હકીકત જણાવેલ છે પરંતુ તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ જણાવેલ નથી. વધુમાં અરજદારે પોતે તેમની મુખ્ય અરજીમાં કેનેડામાં ઓન કોલ નોકરી કરી માસિક રૂા.૬૦૦/– ડોલર આવક મેળવતા આવેલ છે જે અરજદારના ભરણપોષણ પુરતુ છે તેમ જણાવેલ છે. ત્યારબાદ હાલની વચગાળાની અરજીમાં તેઓ છુટક નોકરી કરી આવક મેળવે છે તેમ જણાવેલ છે. વધુમાં અરજદારે જે કોર્ટમાં આવનજવાનના રૂા.૧,૫૦,૦૦૦/– ની માંગણી કરેલ છે તે હકીકત સંદર્ભે તેઓએ આંક–૧ ની અરજીમાં તેમનું સરનામું ૧૧૨૧, ગામ, કડોદ, બજાર સ્ટ્રીટ, ઝંડા બજાર, તા.બારડોલી, જી.સુરત હોવાનું જણાવેલ છે તે હકીકત લેતાં અરજદારની તેવી માંગણી ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં બંને પક્ષકારો તરફે થયેલા સામસામેના આક્ષેપો ધ્યાને લેતાં મહદઅંશે હકીકત પુરાવાનો વિષય બની રહે છે. સદર કામે સામાવાળાની મુખ્ય તકરાર એવી છે કે અરજદાર પોતાની જાતે સામાવાળાનો ત્યાગ કરી કેનેડા મુકામે જતા રહેલા છે અને સામાવાળાએ તેઓનો ત્યાગ કરેલ નથી. વધુમાં રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ જોતાં અરજદાર હાલ કેનેડા મુકામે રહી આવક મેળવી પોતાનું ભરણપોષણ કરતા હોવાની હકીકત જણાય આવે છે. જેથી હાલના અરજદાર પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાથી જણાય આવતી નથી તેમજ અરજદારે પોતે પોતાની મુખ્ય અરજી તથા હાલની અરજીમાં

તેઓ કેનેડા મુકામે નોકરી કરી આવક મેળવતા હોવાની હકીકત જણાવેલ છે જે હકીકત નહિં માનવાને કોઈ કારણ જણાય આવતુ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદારની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -// હુ ક મ //-

૧. અરજદારની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજરોજ તા.૨૦ મી, ઓકટોબર, સને-૨૦૨૧ નાંરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૦/૧૦/૨૦૨૧
સ્થળ : બારડોલી.

(કુ. મનિષા હરિશભાઈ મકવાણા)
બીજા એડી.જે.એમ.એફ.સી.
બારડોલી.
જીજ૧૫૨૩

*DNB*